**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૨૨/૦૨/૨૦૧૮ ગુરૂવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૩૬૦/૧૮**

**એલીસબ્રીજ પોલીસ સ્ટેશન :**

એલીસબ્રીજ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ક્રિકેટ સટોડીયાને પકડી પાડતી એલીસબ્રીજ પોલીસ

આજ રોજ પોલીસ ઈન્સ્પેક્ટર એ.એસ.પટેલ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન નાઓની સુચનાથી પાલડી પો.ચોકી ઈન્ચાર્જ એન.ડી.પરમાર પોલીસ સબ ઈન્સ્પેક્ટર નાઓ સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમાં હતાં દરમ્યાન સાથેના પો.કો. રતનસિંહ હિમ્મતસિંહ નાઓની ચોક્કસ બાતમી હકીકત આધારે મદદનીશ પોલીસ કમિશ્નર એમ વિભાગ અમદાવાદ શહેર નાઓ પાસેથી જુગાર ધારા કલમ 6 મુજબનું વોરંટ મેળવી કોઠાવાલા ફ્લેટની સામે હરેકૃષ્ણ કોમ્પલેક્ષ છઠ્ઠા માળે દુકાન નં- 606 માં રાજેશભાઈ ઉર્ફે બન્ટી સોમાભાઈ રાજ નાઓની કબ્જા ભોગવટાની દુકાનમાં કલાક 13/10 વાગે રેઈડ કરતાં રાજેશભાઈ ઉર્ફે બન્ટી સોમાભાઈ જાતે રાજ ઉવ.૪૭ રહે. એ/૧ વૃંદાવન વિહાર એપાર્ટમેન્ટ વિ-૨ ધરણીધર દેરાસરની પાછળ આર.સી.પટેલ સ્કુલની બાજુમાં વાસણા અમદાવાદ શહેર તથા સાજનભાઈ અમથાભાઈ દેસાઈ ઉવ.૧૯ રહે. બી/૧૯૯ ફાલ્ગુન ટેનામેન્ટ લોટસ સ્કુલની પાસે જોધપુર ગામ સેટેલાઈટ અમદાવાદ શહેર નાઓ ટીવી માં **STAR 1 SPORTS SELECT LIVE** ચેનલ પર ન્યુઝીલેન્ડ **VS** ઓસ્ટ્રેલીયા **T20** ની ક્રિકેટ મેચ પર સટ્ટો મોબાઈલ ફોનમાં **VVIP** એપ્લીકેશન મારફતે રમતાં હોય જે બંને ઈસમો પાસેથી ક્રિકેટ સટ્ટાના સાધનો મો.ફોન નંગ-૫ કિ.રૂ. ૩૨૫૦૦/- તથા લેપટોપ નંગ-૧ કિ.રૂ. ૧૫,૦૦૦/- તથા ટીવી નંગ-૧ કિ.રૂ. ૧૦,૦૦૦/- તથા સેટઅપ બોક્ષ કિ.રૂ. ૫૦૦/- તથા કોમ્પ્યુટર સેટ નંગ-૧ કિ.રૂ. ૫૦૦૦/- તથા રોકડા રૂપીયા ૨૮૪૪૦/- મળી તમામની કુલ્લે કિ.રૂ. ૯૧૯૪૦/- ના મુદ્દામાલ કબ્જે કરી આરોપીઓને તા. **21/02/2018** ના કલાક **15/15** વાગે અટક કરી એલીસબ્રીજ પો.સ્ટે. સેકન્ડ ગુ.ર.નં. **3039/18** જુગાર ધારા કલમ **4,5** મુજબ ગુનો રજીસ્ટર કરી આગળની તપાસ તજવીજ હાથ ધરવામાં આવેલ છે.

**વટવા પોલીસ સ્ટેશન :**

**વટવા પોલીસ સ્ટેશન પ્રોહી ગુરનં ૫૩૯૧/૧૭ પ્રોહી કલમ ૬૬(બી), ૬૫ એ ઇ, ૧૧૬(બી) ૮૧ મુજબના ગુનામા નાસ્તા ફરતા ઇસમને ઝડપી પાડતી વટવા પોલીસ**

મે.પોલીસ કમીશ્નરશ્રી તથા મે.અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ સાહેબની સુચના આધારે તેમજ નાયબ પો.કમી.શ્રી ઝોન ૬ સાહેબ તથા અધિક નાયબ પોલીસ કમિશ્નર જે વિભાગ તથા પોલીસ ઇન્સપેકટર બી જે સરવૈયા વટવા પો.સ્ટે નાઓના માર્ગદર્શન હેઠળ વટવા પો.સ્ટે નાસ્તાફરતા આરોપી પકડવા સારુ પેટ્રોલીગમા હતા અને આજરોજ તા.૨૧/૦૨/૧૮ ના કલાક ૨૩/૧૫ વાગે કુત્બેઆલમબાવાની દરગાહ પાસે આવતા સર્વેસ્કોર્ડના હેકો શૈલેન્દ્રસિહ બટુકસિંહ તથા પોકો અબ્દુલવાહીદખાન અમીરુલ્લાખાન નાઓને મળેલ સંયુક્ત બાતમી હકીકત આધારે કુત્બેઆલમબાવાની દરગાહ પાસે સ્ટાફના માણસો સાથે વોચમા ઉભા રહી વટવા પો.સ્ટે પ્રોહીબીશનના ગુનામા નાસ્તો ફરતો આરોપી નામે સીદીક શહીદભાઇ શેખ ઉવ ૨૭ રહે મનં એ ૪૩ કુત્બેઆલમ સોસાયટી સદાની ધાબી પાસે કેનાલ રોડ વટવા અમદાવાદ શહેર નાને પકડી વટવા પો.સ્ટે પ્રોહી ગુરનં ૫૩૯૧/૧૭ પ્રોહી કલમ  ૬૬(બી), ૬૫ એ ઇ, ૧૧૬(બી) ૮૧ મુજબ ના ગુનાના કામે અટક કરી  આગળની વધુ તપાસ હાથ ધરવામા આવેલ છે.

નાયબ પોલીસ કમિશનર,  
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.  
પોલીસ કમિશનર વતી.